# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અષાઢ સુદ - ૦૩/૦૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૨૮ ● તારીખઃ ૧૭.૦૭.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

નમક જેવા બનવું, કોઈ વધારે ઉપયોગ પણ નહીં કરે, અને તમારા વિના ચાલશે પણ નહી!



અમદાવાદમાં ભારે ભક્તિમય માહોલમાં નીકળી હતી, જેમાં ત્રણેય રથો દરિયાપુરથી પસાર થયા હતા. વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે પરિવાર સાથે મંગળા આરતીનો લાભ લીધા બાદ પ્રભુને વિશિષ્ટ ખીચડાનો ભોગ ધરાવાયો હતો, જે પછી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરંપરાગત 'પહિંદ' વિધિ કરી સોનાની સાવરણીથી રથ સાફ કરીને ત્રણેય રથોને નગરચર્યા માટે પ્રસ્થાન કરાવ્યું હતું. ભગવાન જગન્નાથજી 'નંદીઘોષ' રથમાં, બહેન સુભદ્રાજી 'દર્પદલન' અને ભાઈ બલભદ્રજી 'તાલધ્વજ' રથમાં બિરાજીને ભક્તોને દર્શન આપવા નીકળ્યા હતા, જ્યાં મોસાળ સરસપુરમાં પ્રભુનું પરંપરાગત ભવ્ય મામેરું ભરાયું હતું. જોકે, રથયાત્રા તેના નિયત સમય કરતાં બે કલાક મોડી ચાલી રહી હતી અને તે દરમિયાન શહેરમાં સામે આવેલા ઈમરજન્સી કેસોમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ દ્વારા ખૂબ જ ત્વરિત અને પ્રશંસનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

# અમદાવાદમાં પ્રભુ જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાનો ભારે ઉત્સાહ સાથે પ્રારંભ

## અમિતભાઈ શાહે કરી મંગળા આરતીઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોનાની સાવરણીથી પહિંદ વિધિ સંપન્ન કરી

**સમય સંદેશઃ અમદાવાદ**

લાખો ભક્તો જેની મહિનાઓથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા, તેવી અમદાવાદની દેશની સૌથી મોટી રથયાત્રાનો અષાઢી બીજના પાવન પર્વે ભારે હર્ષોલ્લાસ અને ગગનભેદી નારાઓ વચ્ચે શુભારંભ થયો. ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી સાથે નગરચર્યાએ નીકળ્યા. વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સપરિવાર મંદિરમાં મંગળા આરતી અને પૂજા અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો, જેમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સતત પાંચમી વખત સોનાની સાવરણીથી રથની સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકો અને દેશ-વિદેશમાં વસતા તમામ કચ્છી ભાઈ-બહેનોને કચ્છી નૂતન વર્ષ (અષાઢી

અનુ પાના નં.૨ પર

### દાહોદના લીંબડીમાં રથયાત્રા પૂર્વે જ 'લક્ષ્મી' હાથણીનું અચાનક મોતઃ શોકનો માહોલ, સ્મૃતિમાં ગણેશ મંદિર બનાવાશે



દાહોદના લીંબડીમાં યોજાયેલી ૧૯મી રથયાત્રાની શોભા વધારવા માટે લાવવામાં આવેલી 'લક્ષ્મી' નામની હાથણીનું વહેલી સવારે અગમ્ય કારણોસર મોત થતાં સમગ્ર પંથકના ભાવિક ભક્તો અને આયોજકોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. જે ગજરાજના આગમનથી રથયાત્રામાં ભક્તિનો માહોલ સર્જાવાનો હતો, તે જ ગજરાજના અચાનક નિધનથી લોકો સ્તબ્ધ બની ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વહીવટી તંત્રે મોતનું સાચું કારણ જાણવા માટે તપાસની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી તરફ, આયોજકો દ્વારા 'લક્ષ્મી' હાથણીની દફનવિધિ સંપૂર્ણ સન્માનપૂર્વક કરવાની તૈયારીઓ કરવામાં આવી હતી અને તેની સ્મૃતિ ચિરંજીવ રાખવા માટે દફનવિધિના સ્થળે એક ભવ્ય ગણેશ મંદિર બનાવવાનો પવિત્ર નિર્ણય લેવામાં આવ્યો હતો.

# પુરીમાં રથયાત્રા દરમિયાન થઈ નાસભાગ, પહંડીની વિધિ દરમિયાન થઈ દુર્ઘટના

**સમય સંદેશઃ પુરી**

ઓડિશાના પુરીમાં વિશ્વપ્રસિદ્ધ ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પવિત્ર પ્રસંગે ગુરુવારે દુઃખદ ઘટના બની હતી. ભગવાન જગન્નાથની 'પહંડી' વિધિ દરમિયાન અચાનક ભાગદોડ મચી જતાં એક શ્રદ્ધાળુનું મોત થયું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલોમાં મહિલાઓ અને વૃદ્ધોની સંખ્યા વધુ હોવાનું જાણવા મળ્યું છે.

માહિતી મુજબ, ગ્રાન્ડ રોડ પર માર્કેટ ચોક અને મરીચિ કોર્ટ ચોક વચ્ચે લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભગવાનના દર્શન માટે લોકો આગળ વધતા અચાનક ભારે ધક્કામુક્કી સર્જાઈ અને પરિસ્થિતિ ભાગદોડમાં ફેરવાઈ ગઈ. ઘટના મંદિરના બાહ્ય સુરક્ષા ઘેરાથી અંદાજે ૫૦૦ મીટર દૂર બની હોવાનું કહેવાય છે. ઘટના બાદ સુરક્ષા દળો અને બચાવ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. પ્રશાસન દ્વારા સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે. જગન્નાથ રથયાત્રાની શરૂઆત 'પહંડી' વિધિથી થાય છે. આ વિધિ દરમિયાન ભગવાન જગન્નાથ, તેમના મોટા ભાઈ ભગવાન બલભદ્ર અને બહેન દેવી સુભદ્રાની મૂર્તિઓને ૧૨મી સદીના જગન્નાથ મંદિરના ગર્ભગૃહમાંથી ભવ્ય શોભાયાત્રા સાથે બહાર લાવી તેમના-તેમના રથમાં બિરાજમાન કરવામાં આવે છે.

ઘંટ, શંખ અને ઝાંઝના નાદ વચ્ચે સૌથી પહેલાં સુદર્શન ચક્રને બહાર લાવી દેવી સુભદ્રાના 'દર્પદલન' રથમાં સ્થાપિત કરવામાં આવે છે. ત્યારબાદ ભગવાન બલભદ્રને 'તાલધ્વજ' રથ સુધી લઈ જવાય છે અને

અનુ પાના નં.૨ પર

# ચોમાસુ સત્ર પહેલા દિલ્હીમાં ગરમા ગરમીઃ મોદી સરકારનું 'મિશન ૩૬૦'

**સમય સંદેશઃ નવીદિલ્હી**



સંસદના ચોમાસુ સત્રની શરૂઆત પહેલા દેશની રાજધાનીમાં ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. મોદી સરકારે બંધારણીય સુધારા જેવા અત્યંત મહત્વકાંક્ષી મહિલા અનામત અને સીમાંકન બિલને પસાર કરાવવા માટે લોકસભામાં ૨/૩ બહુમતી એટલે કે 'મિશન ૩૬૦' મેળવવાની મથામણ તેજ કરી દીધી છે. અગાઉ એપ્રિલમાં યોજાયેલા ખાસ સત્રમાં સંખ્યાબળના અભાવે આ બિલ અટકી પડ્યા હતા, પરંતુ આ વખતે સરકાર કોઈ કસર છોડવા માંગતી નથી. બિલ પસાર કરાવવા માટે જરૂરી ૩૬૦ના આંકડાથી એનડીએ ગઠબંધન અત્યારે માત્ર ૬ બેઠકો દૂર છે, જેને પગલે સરકારે આગામી ૧૯ જુલાઈએ સર્વપક્ષીય બેઠક બોલાવીને વિપક્ષી પક્ષોને રીઝવવાની રણનીતિ ઘડી છે.

આ મહામંથન વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસ્થાને ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ સંગઠનના અગ્રણીઓની એક હાઈપ્રોફાઈલ બેઠક યોજાઈ હતી. રાજકીય વિશ્લેષકોના મતે, કોંગ્રેસ વિપક્ષી મોરચો મજબૂત કરવાના દાવા કરી રહી છે, પરંતુ પ્રાદેશિક પક્ષોના બદલાતા વલણે સરકારની આશા વધારી દીધી છે. ખાસ કરીને તમિલનાડુમાં કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ ૨૨ સાંસદો ધરાવતી ડીએમકે અને તૃણમૂલથી અલગ થયેલા ૨૦ એનસીપીઆઈ સાંસદોનું વલણ હવે નરમ પડ્યું છે. આ બદલાયેલા રાજકીય સમીકરણોમાં સરકાર પહેલા કરતાં વધુ મજબૂત અને વિપક્ષ વેરવિખેર દેખાઈ રહ્યો છે, જેનો સીધો ફાયદો


અનુ પાના નં.૨ પર

# તૃણમૂલને વધુ એક મોટો ઝટકોઃ સાંસદ કોયલ મલ્લિકે રાજયસભામાંથી આપ્યું રાજીનામું

## મમતા બેનજીર્ની પાર્ટીમાંથી સાંસદો અને ધારાસભ્યોનો સતત બહિર્ગમનઃ ઉપરાઉપરી દિગ્ગજ નેતાઓના રાજીનામાથી પશ્ચિમ બંગાળના રાજકારણમાં ભારે ગરમાવો

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળના સત્તાધારી પક્ષ તૃણમૂલ કોંગ્રેસની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. મમતા બેનજીર્ના નેતૃત્વવાળી પાર્ટીમાંથી સાંસદો અને ધારાસભ્યોના પક્ષ છોડવાના ચાલી રહેલા સિલસિલા વચ્ચે ગુરુવારે વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. ટીએમસીના વરિષ્ઠ નેતા અને અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા કોયલ મલ્લિકે રાજયસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે, જે મમતા બેનર્જી માટે ખૂબ જ મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. સત્તાવાર સૂત્રો અને સમાચાર એજન્સી એએનઆઈના અહેવાલો અનુસાર, તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભા સાંસદ કોયલ મલ્લિકે દેશના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી. પી. રાધાકૃષ્ણનની મુલાકાત લીધી હતી. આ બેઠક દરમિયાન તેમણે વિધિવત રીતે પોતાનું રાજીનામું અધ્યક્ષને સુપરત કર્યું હતું. કોયલ મલ્લિકનું આ રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે તેના એક જ દિવસ પહેલા



ટીએમસીના વરિષ્ઠ ધારાસભ્ય અને મમતા બેનજીર્ના અત્યંત નજીકના સાથી ગણાતા મદન મિત્રાએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું હતું. મદન મિત્રા ટીએમસી છોડીને રિતાબ્રતા બેનજીર્ના નેતૃત્વ હેઠળના

અનુ પાના નં.૨ પર

# સીમાંકન વિધેયક અંગે સર્વપક્ષી બેઠક બોલાવવા ખડગેનો વડા પ્રધાનને પત્ર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને અપીલ કરી છે કે મહિલા અનામત અને સીમાંકન સંબંધિત વિધેયક અંગે સરકારના પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે સર્વપક્ષી બેઠક બોલાવવામાં આવે. ખડગેએ પત્રમાં જણાવ્યું છે કે આ વર્ષે માર્ચ અને એપ્રિલ દરમિયાન તેમણે સંસદીય મંત્રી કિરણ રિજિજુને અનેક વખત પત્ર લખીને કેન્દ્ર સરકારને સીમાંકન અને તેના સંબંધિત પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે સર્વપક્ષી બેઠક બોલાવવાની વિનંતી કરી હતી. તેમણે કહ્યું હતું કે દુર્ભાગ્યવશ તેમની આ વિનંતીઓને સ્વીકારવામાં આવી નહોતી. તેમણે પત્રમાં ઉલ્લેખ કર્યો હતો કે ત્યાર બાદ બંધારણ (૧૩૧મો સુધારો) વિધેયક, ૨૦૨૬ માટે આ વર્ષે ૧૭ એપ્રિલે લોકસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મળી શકી નહોતી. તેમણે જણાવ્યું હતું કે કેટલાક મિડિયા અહેવાલો પરથી તેમને જાણ થઈ છે કે કેન્દ્ર સરકાર હવે આવનારા ચોમાસુ સત્ર દરમિયાન બંધારણ (૧૩૧મો સુધારો) વિધેયક,



૨૦૨૬નું સુધારેલું સંસ્કરણ ફરીથી સંસદમાં રજૂ કરવાની તૈયારી કરી રહી છે. ખડગેએ વડા પ્રધાન મોદીને વિનંતી કરતાં લખ્યું હતું કે સરકારના સીમાંકન અને અન્ય સંબંધિત સુધારેલા પ્રસ્તાવો પર ચર્ચા કરવા માટે કૃપા કરીને સર્વપક્ષી બેઠક બોલાવો અને તેમને સંસદમાં રજૂ કરવામાં આવે તે પહેલાં અમને તેનો વિગતવાર અભ્યાસ કરવા માટે પૂરતો સમય આપો. બંધારણ (૧૩૧મો સુધારો) વિધેયક, ૨૦૨૬નો હેતુ ૨૦૨૯થી મહિલા અનામત અમલમાં મૂકવાનો તેમ જ લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોના સીમાંકન અને લોકસભાની બેઠકોની સંખ્યામાં ફેરફારનો માર્ગ મોકળો કરવાનો હતો. જોકે ૧૭ એપ્રિલ, ૨૦૨૬એ લોકસભામાં જરૂરી બે-તૃતીયાંશ બહુમતી ન મળતાં આ બંધારણ સુધારા વિધેયક પસાર થઈ શક્યો નહોતો. આ પહેલાં કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે ગુરુવારે જણાવ્યું હતું કે કોંગ્રેસ સીમાંકન વિધેયકનો જોરદાર વિરોધ ચાલુ રાખશે અને વિપક્ષી એકતા જાળવવાનો પ્રયાસ પણ કરશે. તેમણે દાવો કર્યો હતો કે સરકારને લોકસભામાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવાની કોઈ શક્યતા દેખાતી નથી.

# હૈદરાબાદની ખાનગી શાળામાં ધો.૨ ના હિન્દુ વિદ્યાર્થીને 'સૂરા ફાતિહા' મોઢે કરાવવાના આક્ષેપથી વાલીઓ દ્વારા ભારે હોબાળો

**સમય સંદેશઃ હૈદરાબાદ**

તેલંગાણાની રાજધાની હૈદરાબાદના સૈદાબાદ વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત ખાનગી શાળા ગંભીર વિવાદના કેન્દ્રમાં આવી ગઈ છે. શાળાના ધોરણ-૨ માં અભ્યાસ કરતા એક હિન્દુ વિદ્યાર્થીના વાલીઓએ શાળા વહીવટીતંત્ર પર અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કર્યા છે. વાલીઓનો દાવો છે કે શાળા દ્વારા તેમના માસૂમ બાળકને ઈસ્લામિક ધાર્મિક કલમા અને 'સૂરા ફાતિહા' વાંચવા તેમજ તેને ફરજિયાત મોઢે કરવા માટે માનસિક દબાણ કરવામાં આવ્યું હતું. આ સંવેદનશીલ ઘટના ગઈકાલે ૧૫ જુલાઈના રોજ પ્રકાશમાં આવ્યા બાદ સ્થાનિક સ્તરે અને વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને શાળા સામે કાયદાકીય પગલાં લેવાની માંગ બુલંદ બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પીડિત વિદ્યાર્થીના પરિવારને હોમવર્ક અથવા શાળાની અન્ય સહ-અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે બાળકને ઈસ્લામિક ધાર્મિક ગ્રંથોની આયાતો કડકડાટ યાદ કરાવવાની લેખિત કે મૌખિક સૂચના મળી હતી. આ બાબત ધ્યાન પર આવતા જ વાલીઓ ચોંકી ઉઠ્યા હતા. તેમનું કહેવું છે કે એક હિન્દુ બાળક પર તેની મરજી વિરુદ્ધ આ પ્રકારની ચોક્કસ ધાર્મિક પ્રવૃત્તિઓ થોપવી એ તદ્દન અયોગ્ય, ગેરવાજબી અને બાળકના અધિકારોનું હનન છે. આ ઘટનાથી રોષે ભરાયેલા વાલીઓ મોટી સંખ્યામાં તાત્કાલિક શાળા સંકુલ ખાતે દોડી ગયા હતા અને શાળા મેનેજમેન્ટ સમક્ષ ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી આ મામલે લેખિત ખુલાસો માંગ્યો હતો.

આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર હૈદરાબાદ શહેરમાં ચર્ચા અને તણાવનો માહોલ ગરમાયો છે. જો કે, આટલો મોટો વિવાદ થયો હોવા છતાં હજુ સુધી શાળા સંચાલકો તરફથી કોઈ સત્તાવાર

અનુ પાના નં.૨ પર

# કચ્છમાં અષાઢી બીજ ટાંકણે જ ધ્રુજી ધરા

**સમય સંદેશઃ ભુજ**

કચ્છમાં અષાઢી બીજના પાવન દિવસે, જ્યારે કચ્છી સમુદાય દ્વારા નવા વર્ષની ઉજવણી કરવામાં આવી રહી હતી અને ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું, ત્યારે જિલ્લામાં ભૂકંપના બે ઉપરાઉપરી આંચકાઓ અનુભવાતા લોકોમાં ચિંતા ફેલાઈ હતી. કચ્છના સરહદી વિસ્તાર ખાવડા તેમજ ઐતિહાસિક ધરોહર ધરાવતા ધોળાવીરા પંથકમાં ગણતરીની મિનિટોના અંતરે ધરતી ધ્રૂજી ઉઠી હતી. બપોરના સમયે આવેલા આ બંને આંચકાઓ બાદ કેટલાક વિસ્તારોમાં લોકો સાવચેતીના ભાગરૂપે ઘરની બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનો પ્રથમ આંચકો કચ્છના ખાવડા વિસ્તારમાં બપોરે ૨.૨૦ કલાકે નોંધાયો હતો. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, આ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૬ નોંધાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી અંદાજે ૩૨ કિલોમીટર દૂર હોવાનું જાણવા મળ્યું છે. તીવ્રતા સામાન્ય કરતાં વધુ અનુભવાતા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ તેની અસર જોવા મળી હતી. પ્રથમ ભૂકંપના માત્ર બે મિનિટ બાદ એટલે કે બપોરે ૨.૨૨ કલાકે કચ્છમાં ફરી એકવાર ધરતી ધ્રૂજી હતી.

# ન્યાય અપાવવાના બહાને સગીરા સાથે દુષ્કર્મ આચરનાર સુરતના વકીલની પોલીસે કરી ધરપકડ

## કેસ બગાડી નાખવાની ધમકી આપી ૧૨ વર્ષની માસૂમ દીકરીને ઘરે બોલાવી આચર્યું કાળું કૃત્ય

**સમય સંદેશઃ સુરત**

સુરતના સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કાયદાના રક્ષક અને ન્યાયના વ્યવસાયને કલંકિત કરતી એક અત્યંત સનસનીખેજ અને ધૃણાસ્પદ ઘટના ગઈકાલે સામે આવી હતી. વર્ષ ૨૦૨૫ માં એક ૧૨ વર્ષની માસૂમ સગીરા સાથે બે સગા ભાઈઓએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું, જે કેસની કોર્ટમાં પેરવી કરવા માટે પીડિત પરિવારે પ્રણયરાજ ગોવિંદભાઈ રણવીર નામના વકીલની રોકણી કરી હતી. ગત ૧૨ જુલાઈના રોજ આ નરાધમ વકીલે સગીરાના લાચાર પિતાને ફોન કરી દીકરીને



પોતાના ઘરે કામ માટે મોકલવા જણાવ્યું હતું. પિતાએ આનાકાની કરતાં વકીલે ધમકી આપી હતી કે જો દીકરીને નહીં મોકલો તો હું કોર્ટમાં કેસ બગાડી નાખીશ અને નરાધમ આરોપીઓ છૂટી જશે. કોર્ટ-કચેરીના ડરથી ગભરાયેલા પિતાએ પોતાની માસૂમ દીકરીને વકીલ સાથે મોકલી આપી હતી. નરાધમ વકીલ સગીરાને પોતાની કારમાં બેસાડીને ડીંડોલી વિસ્તારના ઉમરા ચોક સ્થિત પોતાના મકાને લઈ ગયો હતો. ત્યાં માસૂમ બાળકીને એકલી જોઈને વકીલે તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું અને આ

અનુ પાના નં.૨ પર


# તંત્રી સ્થાનેથી..

## ડિસ્ટીલ્ડ વોટરનું વહન !

વૈશ્વિક વાતાવરણમાં વિકૃતિ લાવવાનો શ્રેય બધાને જાય છે, પણ એમાં મોટા દેશોનો સૌથી વધુ ફાળો છે. મોટા દેશો એટલે વિકસિત દેશો જે પોતાને મહાસત્તા કહેવરાવીને પર્યાવરણ વિરોધી ગેરફાયદા લઈ લે છે અને અમુક વિકાસશીલ દેશો પણ પોતે વિકસિત નથી એવું ગાણું ગાઈને પર્યાવરણનું નખ્ખોદ વાળતાં રહે છે. અમેરિકા, બ્રિટન, ચીન, ભારત, જાપાન, બ્રાઝિલ, ફ્રાન્સ વગેરે દેશો ગ્લોબલ વોર્મિંગ માટે સહુથી વધુ જવાબદાર છે. હવે તો ગલ્ફ દેશો પણ પેટ્રોલિયમને કારણે ખૂબ સમૃદ્ધ થઈ ગયા છે. માટે જોર્ડન-સિરિયાથી લઈને અફઘાનિસ્તાન-પાકિસ્તાન સુધીનો આખો પટ્ટો કુદરતને હણવામાં કોઈ કસર બાકી નથી રાખી રહ્યો. ઉલટાનું આ નાના લાગતા દેશોમાં વસ્તી વધી રહી છે જે દરેક પ્રકારના પ્રદૂષણમાં વધારો કરવામાં ભાગ ભજવે છે. શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી દિવસેને દિવસે કિંમતી પદાર્થો બનતા જાય છે. માલદીવના ટાપુઓ નજીકના ભવિષ્યમાં ડૂબી જવાના છે એ સૌ જાણે છે. ઈન્ડોનેશિયા અને મલેશિયાના ટાપુઓ પણ ખતરામાં છે. ટોકિયો, મુંબઈ, સિડની જેવાં ઘણાં મોટાં શહેરો ઉપર દૂરના ભવિષ્યમાં મોટી આફત આવે એવી ભયજનક સંભાવના છે. કારણ કે સમુદ્રની સપાટી સતત વધતી જવાની છે. નવી દિલ્હીનું પ્રદૂષણ વિશ્વવિખ્યાત થઈ ચૂક્યું છે. ગંગા છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ થઈ નથી અને હજુ કેટલાય દાયકાઓ સુધી શુદ્ધ થાય એવું લાગતું નથી. ગંગા સિવાયની એશિયાની મહાન નદીઓ પણ બહુ પ્રદૂષિત છે. બ્રહ્મપુત્રા કંઈ ડિસ્ટીલ્ડ વોટરનું વહન નથી કરી રહી. ચીનમાં પ્રદૂષણે માઝા મૂકી છે. ચીનની એગ્રેસિવ આર્થિક અને સામાજિક નીતિએ ત્યાંના પર્યાવરણને તબાહ કરી મૂક્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા તરંગી નેતાઓ ગ્લોબલ વોર્મિંગને પરીકથાથી વિશેષ કશું માનતા નથી. માનવજાત પોતાની કબર ખુદ ખોદી રહી છે. બધા એમાં ક્યારે સમાઈ જઈશું એ નિશ્ચિત નથી, પરંતુ કબરમાં એક દિવસ ચોક્કસ ચાલ્યા જશું એ નક્કી છે. કુદરતનો કાળો કેર સહન કરવાની ક્ષમતા કાળા માથાના માનવીમાં નથી. જે લોકો ભેખધારી બની પૃથ્વીની સેવા કાજે નીકળી પડ્યા છે તેનાથી નવું જે વાતાવરણ બંધાશે તે પણ હશે તો વાતોનું જ. કારણ કે જેમની પાસે સત્તા છે તેઓ ન સમજે ત્યાં સુધી જળવાયુ પરિવર્તનની બધી વાત એક તરંગ જ રહેશે. આ સ્થિતિ આગળ જતાં પર્યાવરણીય સંરક્ષણ માટેની પરસ્પર અથડામણ તરફ વિવિધ રાષ્ટ્રોને લઈ જશે જેની શરૂઆત પણ થઈ ગઈ છે. સિંધુ નદીનો જળવિવાદ આપણો પરિચિત છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકા તાલુકા ટેકરીફીડર હેઠળ આવતા ગામોમાં વીજ સમસ્યાથી ખેડૂતોમાં આક્રોશ

## આંદોલનની ચીમકીઃ સલાયા નગરપાલિકા વિસ્તારમાં વીજ પુરવઠાની અનિયમિતતાથી પ્રજા પરેશાન

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાલુકાના ટેકરી ફીડર હેઠળ આવતા ગામોમાં છેલ્લા ઘણા સમયથી અનિયમિત અને અપૂરતા વીજ પુરવઠાના કારણે ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાલ ખેતીની મહત્વની સિઝન ચાલી રહી હોવા છતાં પૂરતા કલાકો સુધી વીજળી ઉપલબ્ધ ન થતાં સિંચાઈ કામગીરી ખોરવાઈ રહી છે. પરિણામે પાકને નુકસાન થવાની ભીતિ વચ્ચે ખેડૂતોમાં તંત્ર પ્રત્યે ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

આ ગંભીર સમસ્યાને લઈને મૂળવાસર, મૂળવેલ, પોસીત્રા, રાજપરા, ખાતુબા સહિત આસપાસના ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં એકત્રિત થઈ પીજીવીસીએલ કચેરી દ્વારકાએ પહોંચ્યા હતા. ખેડૂતો દ્વારા અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને નિયમિત તેમજ પૂરતો વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવવાની માંગ સાથે આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. આ દરમિયાન ખેડૂતો દ્વારા ''લાઇટ આપો, ખેડૂત બચાવો'' સહિતના સૂત્રોચ્ચાર કરી પોતાની વ્યથા વ્યક્ત કરવામાં આવી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ વરસાદની અનિશ્ચિત પરિસ્થિતિમાં પાકને બચાવવા માટે સિંચાઈ જ એકમાત્ર વિકલ્પ રહ્યો છે, પરંતુ વીજ પુરવઠો સમયસર અને પૂરતા પ્રમાણમાં ન મળતાં ખેતી ખર્ચ વધી રહ્યો છે અને ઉત્પાદન પર પણ તેની સીધી અસર પડી રહી છે. અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી, જેના કારણે ખેડૂતોમાં રોષની લાગણી દિવસેને દિવસે વધી રહી છે. ખેડૂતોએ જણાવ્યું હતું કે આ મુદ્દે લોકપ્રતિનિધિઓ દ્વારા પણ વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં વીજ વિતરણ તંત્ર તરફથી અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવાની નોબત આવી રહી છે.

અંતે ખેડૂતો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે જો ટેકરી ફીડર વિસ્તારમાં નિયમિત અને પૂરતો વીજ પુરવઠો તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ખેડૂતોનું કહેવું છે કે આવી પરિસ્થિતિ સર્જાશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત વિભાગ અને જવાબદાર અધિકારીઓની રહેશે. ખેડૂતો હવે તાત્કાલિક અને કાયમી ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાનું સૌથી વધુ વસ્તી ધરાવતું સલાયા શહેર હાલમાં વીજ સંકટ અને વીજ પુરવઠાની અનિયમિતતાનો સામનો કરી રહ્યું છે. અંદાજે ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ ની વસ્તી અને અંદાજે ૬,૦૦૦ થી વધુ વીજ જોડાણો ધરાવતા આ વિસ્તારમાં લાંબા સમયથી વીજ પુરવઠો ખોરવાઈ જવાની સમસ્યાથી સ્થાનિક લોકો અને વેપારીઓ ભારે





મુશ્કેલીમાં મુકાયા છે. આ બાબતે સલાયા નગરપાલિકાના સદસ્ય બિલાલ હનીફ ભાયા તેમજ સલાયા ભાડેલા મુસ્લિમ જમાત,વાઘેર વેપારી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિયેશન, સલાયા વાઘેર મુસ્લિમ જમાત દ્વારા પી.જી.વી.સી.એલ.ના નાયબ કાર્યપાલક ઈજનેરને એક લેખિત રજૂઆત કરી તાકીદે પગલાં લેવા માંગ કરી છે. જેમાં સલાયામાં નિયમિત અને પૂરતો વીજ પુરવઠો આપવા માટે તંત્ર સમક્ષ અવારનવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી. જેની તાકીદે વ્યવસ્થા કરવા તેમજ સલાયા ખાતે આવેલી PGVCL કચેરીમાં પૂરતો સ્ટાફ પૂરો પાડવા અને કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓની વિગતો અને તેમના ફોન નંબર દર્શાવતું નોટિસ બોર્ડ લગાવવામાં આવે જેથી ગ્રાહકો તેમનો સંપર્ક કરી શકે.રાત્રિ દરમિયાન લાઈન ફોલ્ટ માટે સ્ટાફને હાજર રાખવો અને સ્ટ્રીટ લાઈટ માટે અલગ કેબલ જોડવો. આવી અનેક માંગણીઓ સાથે ડ્રાસ્ટીક ને રજૂઆત કરાઈ છે.

# દ્વારકા જગતમંદિરે રથયાત્રા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો



**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકા જગત મંદિર ખાતે અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રથયાત્રા ઉત્સવની ભક્તિભાવ પૂર્વક પુજારી પરીવાર અને ભાવિકોની ઉપસ્થિતીમાં ઉજવણી કરાઈ હતી. ઠાકોરજીના બાલસ્વરૂપને ચાંદીના રથમાં બેસાડી બેન્ડવાજા તેમજ શરણાઈના શુરોના ધાર્મીક ભજનો સાથે જગત મંદિર પટાગણમાં ચાર પરીક્રમાં કરાવામાં આવી હતી. દરેક પરિક્રમાં પૂર્ણ થયા બાદ ઠાકોરજીને ભોગ સામગ્રી તેમજ વિશેષ મહા આરતી કરવામાં આવી હતી. શ્રીજીની ચોથી અંતિમ પરિક્રમા પૂર્ણ થયા બાદ શ્રીજીના રથને મંદિર પટાગણમાં દેવકીજીના મંદિર પાસે આવેલ અને સ્થંભમાં રથ અથડાવામાં આવ્યો હતો. આ ધાર્મીક પ્રસંગે શ્રીજીને ચાંદીના દિવ્ય રથ પર યાત્રા કરાવાનું સવિશેષ મહત્વ હોય છે. જેમા પુજારી પરીવાર અને સંખ્યાબંધ ભાવિકો ભગવાનનો રથ ખેંચી ભાવ વિભોર બન્યા હતા.

# ખંભાળિયા નજીક મહિલા સંચાલિત જુગાર ધામ પર પોલીસ ત્રાટકીઃ ૮ મહિલાઓ ઝડપાઈ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા - જામનગર હાઈવે અત્રેથી આશરે સાત કિલોમીટર દૂર હીરો કંપનીના શોરૂમ સામે આવેલા ગિરધરનગરમાં રહેતા સોનલબેન આલાભાઈ સંધીયા નામના ૩૫ વર્ષના મહિલા દ્વારા પોતાના અંગત ફાયદા માટે બહારથી જુગારીઓને બોલાવી અને તેમના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ચલાવતા જુગારના અખાડા પર સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો.

આ સ્થળેથી જુગારીઓને લાઈટ, પાણી વિગેરે જેવી સુવિધાઓ પૂરી પાડી, અને તેના બદલામાં નાલ ઉઘરાવીને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે સોનલબેન આલાભાઈ સંધીયા સાથે સોનુબેન ઉર્ફે વાલબાઈ ભીમાભાઈ કારીયા, હેતલબેન પ્રવીણભાઈ બદીયાણી, ગીતાબા જેઠુભા વાઘેલા, ગીતાબેન રમેશભાઈ સોઢા, રેખાબેન પિયુષભાઈ ભોગાયતા, મુમતાજબેન મહમદભાઈ સંધી, અને કુંદનબેન કલ્યાણજી આરંભડીયા નામના આઠ મહિલાઓને ઝડપી લીધા હતા. આ દરોડા દરમિયાન પોલીસે જુગારના રૂપિયા ૪૨,૮૦૦ તેમજ છ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૭૯,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી, જુગારધારાની કલમ હેઠળ જરૂરી કાર્યવાહી કરી હતી.

# જમતી વખતે અચાનક આંચકી આવતાં પરિણીતાનું થયું મોત

**સમય સંદેશઃ કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામે રહેતા નીતીનભાઈ ધીરજભાઈ કોટડીયાની પત્ની આરતીબેન (ઉ.વ.૨૮) તા.૧૪ જુલાઈની રાત્રે પોતાના ઘરે જમતા હતા ત્યારે અચાનક તેમને આંચકી આવી હતી. પરિવારજનોએ તાત્કાલિક સારવાર માટે તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ.એસ. કલમ હેઠળ અકસ્માતે મોતની નોંધ કરવામાં આવી છે. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે, મૃતક આરતીબેનના લગ્નને અંદાજે બે વર્ષ અને છ મહિના જેટલો સમય થયો હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે.

# મીઠાપુર અને ભાણવડમાં બે સ્થળોએથી વિદેશી દારૂ ઝડપાયો

**સમય સંદેશઃ મીઠાપુર**

મીઠાપુર તાબેના રંગાસર ગામના વાડી વિસ્તારમાં રહેતા ડુંગરભા ઉર્ફે બાડો ગગુભા માણેક નામના શખ્સ દ્વારા નાગેશ્વર રોડની સાઈડમાં બાવળની ઝાડીમાં છુપાવીને રાખવામાં આવેલો રૂપિયા ૬૫,૦૦૦ ની કિંમતનો ૬૦ બોટલ વિદેશી દારૂનો જથ્થો પોલીસે કબજે કર્યો હતો.

જો કે દરોડા દરમ્યાન આરોપી ડુંગરભા ઉર્ફે બાડો માણેક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. જે અંગે મીઠાપુર પોલીસે પ્રોહિ. એક્ટ મુજબ ગુનો નોંધી, આરોપીની શોધખોળ હાથ ધરી છે. ભાણવડ તાલુકાના ફતેપુર ગામે રહેતા ભીખુ ખીમાભાઈ વારોતરીયા નામના ૪૧ વર્ષના શખ્સને પોલીસે ૨,૦૦૦ની કિંમતના વિદેશી દારૂના આઠ ચપલા તેમજ એક મોબાઈલ ફોન સાથે ઝડપી લઇ, ગુનો નોંધ્યો હતો.

# જામનગરમાંથી ક્રિકેટનો સટ્ટો રમનાર ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ખોડીયાર કોલોની મેઇન રોડ પર શેલ પેટ્રોલ પંપ નજીક પોલીસે ઓનલાઈન ક્રિકેટ સટ્ટા રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં આરોપી અંકુર મનોજભાઈ પરમાર (ઉ.વ. ૨૯ રહે. ખોડીયાર કોલોની, જામનગર) પોતાના મોબાઇલ ફોનમાં માસ્ટર આઈડી મારફતે હાલ ચાલી રહેલી ઝિમ્બાબ્વે-બાંગ્લાદેશ ક્રિકેટ મેચ પર ગ્રાહકોને સેશન અને મેચના હાર-જીત અંગે આઈડી આપી રૂપિયા લગાડાવી ઓનલાઈન જુગાર રમાડતો હતો. દરોડા દરમિયાન પોલીસે આરોપીના કબજામાંથી રૂ.૧,૬૦૦ની રોકડ અને રૂ.૭૦,૦૦૦ કિંમતનો મોબાઇલ ફોન મળી કુલ રૂ.૭૧,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વધુમાં આઈડી આપનાર વિશાલ ભારદીયા (જામનગર), અભિષેક રાજાણી (મણિનગર, અમદાવાદ) તેનો મિત્રને હાલ ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે. આ અંગે પોલીસે જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# અનુસંધાન

## ખેડૂત પર જીવલેણ હુમલો

(પાના નં. ૪ થી આગળ)

પહોંચી તેમણે તેમના મોબાઇલ ફોનથી પોતાના ભાઈ દિલીપસિંહને જાણ કરી હતી. ત્યારબાદ ૧૧૨ ઇમરજન્સી સેવામાં પણ ફોન કરીને બનાવની માહિતી આપવામાં આવી હતી. બાદમાં ફરિયાદીને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તપાસ દરમિયાન જમણા હાથના પોચામાં ફ્રેક્ચર તેમજ જમણા પગના ગોઠણમાં ઈજા હોવાનું તબીબોએ જણાવતાં સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસે અનિરુદ્ધસિંહ ઉર્ફે અનીયો ભુપતસિંહ દેદા, જયેન્દ્રસિંહ કનકસિંહ જાડેજા અને ચિરાગ રાવલ સામે મારામારી, ઈજા પહોંચાડવા, પરસ્પર મદદગારી તેમજ જાહેરનામાના ભંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વિવાદમાં ફાયરીંગ

(પાના નં. ૪ થી આગળ)

ઘટનાનું ચોક્કસ કારણ તેમજ તેમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ઘટનાકાળ દરમિયાન બુધવારે આશરે પાંચેક જેટલા રાઉન્ડ હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યા હોવાની માહિતી સામે આવી રહી છે. દિવસના સમયે જાહેરમાં બનેલી આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે ચકચાર પ્રસરાવી છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરાઈ છે અને તપાસના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ જાણવા મળ્યું છે.

## વીજળીના ધાંધિયા

(પાના નં. ૩ થી આગળ)

કૂવા કે બોર દ્વારા પિયત કરવું અનિવાર્ય બન્યું છે. જોકે, વીજ કંપનીની બેદરકારીને કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણમાં ૮ થી ૧૦ કલાક વીજળી આપવાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ અલિયા ગામના ખેડૂતોનો આક્ષેપ છે કે તેમને એક દિવસ પણ પૂરતી વીજળી મળતી નથી. બોર અને કૂવામાં પૂરતું પાણી ઉપલબ્ધ હોવા છતાં, વીજળીના અભાવે ખેડૂતો પોતાના ઊભા પાકને પાણી પાઈ શકતા નથી, જેના પરિણામે લાખો રૂપિયાનો પાક નિષ્ફળ જવાની આરે છે.

આ ગંભીર બાબતે સ્થાનિક ખેડૂતો દ્વારા ગત તારીખ ૨૨/૯/૨૦૨૫ના રોજ ફલ્લા ખાતે આવેલા નાયબ કાર્યપાલક ઈજનેર (ડેપ્યુટી ઈજનેર)ને રૂબરૂ મળીને લેખિત તથા મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતાં આજ દિન સુધી આ સમસ્યાનું કોઈ નિરાકરણ આવ્યું નથી. ઉલટાનું, ફલ્લા ડેપ્યુટી ઈજનેર તેમજ ત્યાંના કર્મચારીઓ દ્વારા રજૂઆત કરવા આવતા ખેડૂતો સાથે વારંવાર ગેરવર્તન કરવામાં આવતું હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠી છે.

## પ્રભુ જગન્નાથજી

(પાના નં. ૧ થી આગળ)

બીજ)ની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહેશે.

રથયાત્રા પૂર્વે ઝડપાયેલા આતંકીઓના પગલે સુરક્ષા વ્યવસ્થા અત્યંત ચુસ્ત અને કડક રાખવામાં આવી છે. મંદિરમાં પ્રવેશતા દરેક શ્રદ્ધાળુની મેટલ ડિટેક્ટરથી સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. ત્રણેય રથોની સુરક્ષા માટે ૪૫૦૦ પોલીસ જવાનો અને ચેતક કમાન્ડોની ટીમ મોખરે તૈનાત છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને સેક્ટર વડા નીરજ બડગુજ્જરના માર્ગદર્શન હેઠળ ડીસીપી રૂપલ સોલંકીની ટીમે ભક્તો માટે વિવિધ સ્થળોએ લાઈવ દર્શન થઈ શકે તે માટે મોટી સ્ક્રીનની અદભુત વ્યવસ્થા ગોઠવી છે. સમગ્ર રથયાત્રા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રીતે જળવાઈ રહે તે માટે એડી. સીપી અશ્વિન ચૌહાણની ટીમ કાર્યરત છે. જ્યારે સુરક્ષા વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી ક્રાઈમ બ્રાન્ચના વડા શરદ સિંઘલ, જયપાલસિંહ રાઠોડ, ડીસીપી ક્રાઈમ અજિત રાજિયાણ, ડીસીપી ભરત રાઠોડ અને ડીસીપી હર્ષદ પટેલની એક્ટિવ ટીમો દ્વારા સંભાળવામાં આવી રહી છે.

આ પાવન અવસરે મંદિરના મહંત પૂજ્ય દિલીપદાસજી મહારાજ, અમદાવાદના મેયર હિતેશ બારોટ, સ્થાનિક ધારાસભ્યો સર્વશ્રી અમિત શાહ, અમિત ઠાકર, દિનેશ કુશવાહ, કૌશિક જૈન, હસમુખ પટેલ, અમૂલ ભટ્ટ, શ્રીમતી કંચનબેન રાદડિયા, રાજ્ય પોલીસવડા જી.એસ. મલિક અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની સહિત અનેક રાજકીય-સામાજિક અગ્રણીઓ તેમજ પૂજ્ય સંતો-મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં વૃક્ષારોપણ

(પાના નં. ૩ થી આગળ)

કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓને પણ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ દરેક પરિવારે ઓછામાં ઓછો એક છોડ વાવી તેની સંભાળ રાખે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. ''હર ઘર એક છોડ સંદેશ સાથે હરિત, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી ભારતના નિર્માણ માટે જનભાગીદારીનું આહ્વાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાષ્ટ્રીય સાંખ્યિકી કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ એસ.વી.ઈ.ટી. કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## મિશન ૩૬૦

(પાના નં. ૧ થી આગળ)

ભાજપ ઉઠાવવા માંગે છે. હાલ લોકસભાની ૫૪૩ બેઠકોમાંથી ૩ બેઠકો ખાલી હોવાથી બંધારણીય સુધારા માટે ૩૬૦ સાંસદોનું સમર્થન અનિવાર્ય છે. સત્તાધારી એનડીએ પાસે હાલ ૨૯૩ સાંસદોનું સંખ્યાબળ છે, પરંતુ જો ડીએમકે અને એનસીપીઆઈ જેવી પાર્ટીઓનો સાથ મળે તો આ આંકડો ૩૩૫ને પાર પહોંચી શકે છે. આ સિવાય વાયએસઆર કોંગ્રેસના સાંસદો અને અપક્ષોના સમર્થન સાથે સરકાર જાદુઈ આંકડો પાર કરવા માટે આશ્વસ્ત દેખાઈ રહી છે. સંસદના આગામી સત્રમાં જો આ બિલ પસાર થઈ જશે, તો તે દેશના રાજકીય ઇતિહાસની સૌથી મોટી જીત સાબિત થશે.

## સાંસદ કોયલ મલ્લિકે

(પાના નં. ૧ થી આગળ)

બળવાખોર ટીએમસી જૂથમાં સામેલ થઈ ગયા છે, જેના કારણે પક્ષમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. પશ્ચિમ બંગાળના રાજકીય સમીકરણો પર નજર કરીએ તો, આ પૂર્વે પણ ટીએમસીના ઘણા દિગ્ગજ નેતાઓએ પક્ષ સાથે છેડો ફાડ્યો છે. અગાઉ સુખેન્દુ શેખર રાય, સુષ્મિતા દેવ અને પ્રકાશ ચિક બડાઈક રાજ્યસભાના સભ્યપદેથી તેમજ ટીએમસીમાંથી રાજીનામું આપી દીધું હતું અને ત્યારબાદ તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

## 'સૂરા ફાતિહા'

(પાના નં. ૧ થી આગળ)

સ્પષ્ટતા કે સાર્વજનિક નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. બીજી તરફ, સ્થાનિક શિક્ષણ વિભાગ કે વહીવટીતંત્ર દ્વારા શાળા સામે કોઈ નક્કર તપાસ કે શિક્ષાત્મક પગલાં લેવાયા હોવાની પુષ્ટિ હજુ સુધી થઈ શકી નથી. આ સંવેદનશીલ બનાવના કારણે શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક તટસ્થતાની મર્યાદા અને વિદ્યાર્થીઓના વ્યક્તિગત ધાર્મિક અધિકારો અંગે ફરી એકવાર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે અને ભોગ બનનાર પરિવાર સહિત સ્થાનિક હિન્દુ સંગઠનો પોલીસ અને તંત્રના કડક હસ્તક્ષેપની રાહ જોઈ રહ્યા છે.

## સગીરા સાથે દુષ્કર્મ

(પાના નં. ૧ થી આગળ)

ઘૃણાસ્પદ કૃત્યનો પોતાના મોબાઈલમાં વીડિયો પણ ઉતારી લીધો હતો. આ હેવાનિયત બાદ ગભરાયેલી બાળકી જ્યારે પોતાના ઘરે પહોંચી, ત્યારે તેણે રડતાં-રડતાં પિતાને પોતાની આપવીતી જણાવી હતી. દીકરીની દર્દનાક વાત સાંભળીને હચમચી ગયેલા પિતાએ તાત્કાલિક ૧૩ જુલાઈ ૨૦૨૬ના રોજ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશને પહોંચી નરાધમ વકીલ વિરૂદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ગુનાની ગંભીરતાને જોતા સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક એક્શન મોડમાં આવ્યા હતા. પોલીસની વિશેષ ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને આરોપી વકીલ પ્રણયરાજ રણવીરને દબોચી લીધો હતો અને તેની પાસેથી ગુનામાં વપરાયેલો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. પોલીસે ભોગ બનનાર સગીરાને તાત્કાલિક મેડિકલ તપાસ માટે મોકલી આપી છે. હાલ પોલીસ દ્વારા નરાધમ વકીલ વિરૂદ્ધ દુષ્કર્મ તેમજ પોક્સો એક્ટની કડક કલમો હેઠળ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે અને વધુ કાયદાકીય તપાસ હાથ ધરવામાં આવી છે.

## પુરીમાં રથયાત્રા

(પાના નં. ૧ થી આગળ)

અંતે ભગવાન જગન્નાથને ભવ્ય જયઘોષ વચ્ચે તેમના 'નંદીઘોષ' રથમાં બિરાજમાન કરવામાં આવે છે.

સતત વરસાદ છતાં લાખો શ્રદ્ધાળુઓ રથયાત્રામાં જોડાયા હતા. ભગવાન જગન્નાથના દર્શન થતાં જ સમગ્ર 'બડા ડાંડા' માર્ગ પર 'જય જગન્નાથ'ના નાદ ગુંજી ઉઠ્યા હતા. ઓડિસીના કલાકારો, લોકનૃત્ય મંડળીઓ અને સાંસ્કૃતિક ટોળકીઓએ પણ ભવ્ય રજૂઆતો કરી હતી.

ઉલ્લેખનીય છે કે રથયાત્રા દરમિયાન ત્રણેય દેવતાઓને મંદિરથી અંદાજે ૨.૬ કિલોમીટર દૂર આવેલા શ્રી ગુન્ડિચા મંદિર સુધી લઈ જવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ આ મંદિર ભગવાન જગન્નાથનું જન્મસ્થાન અથવા તેમની માસીનું ઘર માનવામાં આવે છે. મંદિર પ્રશાસનના જણાવ્યા અનુસાર રથયાત્રાની તમામ ધાર્મિક વિધિઓ સવારે લગભગ ૯ વાગ્યાથી શરૂ થઈ હતી.

# જામનગરમાં ખાણીપીણીની દુકાનોમાં ચેકીંગ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

છેલ્લા એક સપ્તાહથી શહેરમાં ખાણીપીણીની દુકાનો તેમજ બેકરીઓમાં એસ આઈ દ્વારા દુકાનદારોને સ્વચ્છતા રાખવી તેનું સૂચન કરવામાં આવ્યું અને જો સૂચનનું પાલન ના કરે તો આ લોકોને દંડની કાર્યવાહી કરવામાં આવશે તેવી દુકાનદારોને નોટિસો પણ આપવામાં આવી છે.

# જામનગરના ગોકુલનગરમાં વારંવારના પાવર કટથી ઉદ્યોગકારો લાલઘૂમ

## પીજીવીસીએલની ચેરીએ હોબાળો મચાવી ઉગ્ર આંદોલનની ચીમકી આપી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોકુલનગર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અવારનવાર થતા વીજ કાપને કારણે સ્થાનિક ઉદ્યોગકારો અને વેપારીઓનો પિત્તો ગયો છે. વારંવારના પાવર કટના લીધે લઘુ ઉદ્યોગોના મશીનો બંધ થઈ જતાં આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, સાથોસાથ મોંઘી મશીનરીઓ બગડી જવાનો ભય પણ સતાવી રહ્યો છે. આ જટિલ સમસ્યાથી પરેશાન અનેક ઉદ્યોગકારોએ એકત્રિત થઈને સ્થાનિક પીજીવીસીએલ કચેરી ખાતે મોરચો માંડ્યો હતો અને જો પરિસ્થિતિમાં વહેલી તકે સુધારો નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ખુલ્લી ચીમકી ઉચ્ચારી હતી. વેપારીઓનો મુખ્ય આક્ષેપ છે કે વીજ પુરવઠો ખોરવાય ત્યારે પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓ ફોન પણ ઉપાડતા નથી, જેના કારણે ઉદ્યોગકારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રિ-મોન્સૂન કામગીરીના બહાને અથવા તો વગર કારણે કલાકો સુધી પાવર કટ રાખવામાં આવતો હોવાથી ઉત્પાદન ઠપ્પ થઈ ગયું છે અને સમયસર ઓર્ડર પૂરા ન થતાં આર્થિક પાયમાલી જેવી સ્થિતિ સર્જાઈ છે. આ મામલે વેપારીઓએ અધિકારીઓને રૂબરૂ રજૂઆત કરી કડક શબ્દોમાં વીજ વિતરણ વ્યવસ્થા સુધારવા માંગ કરી છે.





તસવીરઃ હિરેન ગાંધી

## અલિયા ગામના વાડી વિસ્તારમાં વીજળીના ધાંધિયા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના અલિયા ગામના વાડી વિસ્તારમાં લાંબા સમયથી વીજળીના વારંવાર ફોલ્ટ થવાની ગંભીર સમસ્યા સામે આવી છે. આશરે ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા આ ગામના મોટાભાગના પરિવારો ખેતી સાથે સંકળાયેલા છે. હાલ વાવણીની સિઝન પૂર્ણ થઈ ગઈ છે અને વરસાદ ખેંચાતા પાકને બચાવવા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વિભાજી સ્કૂલ સામે ગંદકીથી ભાવિકોમાં રોષ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમા વિભાજી સ્કૂલ સામે નીલકંઠ મહાદેવ અને રાધાકૃષ્ણ મંદિર પાસે ગંદકીના થર, ભક્તોમાં ભારે રોષ ફેલાયો છે. પ્રસિદ્ધ નીલકંઠ મહાદેવ મંદિર તેમજ રાધાકૃષ્ણ મંદિર આસપાસ ગંદકીના ઢગલા જામતા ભક્તો અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દર્શન કરવા આવતા લોકોને ગંદકી વચ્ચેથી પસાર થવાની ફરજ પડી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, જામનગર મહાનગર પાલિકાના હોજમાંથી વારંવાર ગંદુ પાણી બહાર આવતાં વિસ્તારની સ્થિતિ વધુ બગડી રહી છે. અનેક વખત કોર્પોરેશનમાં રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. આખરે કંટાળેલા સ્થાનિકોએ પોતાની વ્યથા મીડિયા સમક્ષ વ્યક્ત કરી અને તાત્કાલિક સફાઈ તેમજ ગંદા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ ઉઠાવી છે.




તસવીરઃ હિરેન ગાંધી

# સિટી બસ સ્ટોપ ઉપર ટાઈમટેબલ મુકવા મેયર દ્વારા આદેશ અપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા નવી ઇ સીટી બસ સેવા શરૂ કર્યા પછી સીટી બસના સ્ટેન્ડ ઉપર ટાઇમ ટેબલ મૂકવાં અંગે મેયર મોનિકાબેન વ્યાસે અધિકારીઓને સૂચના આપી હતી.

મહાનગરપાલિકા દ્વારા પ્રદૂષણ ઘટાડવા અને શહેરીજનોને અવરજવરમાં વિશેષ સુવિધા આપવા ઇ સીટી બસ સેવા કાર્યરત કરી છે. પરંતુ આ સીટી બસ સેવા શરૂ કર્યા પછી સિટીબસ ના રૂટ ઉપર બસ અંગેનું ટાઇમ ટેબલ ન હોવાનું મેયર મોનિકાબેન વ્યાસના ધ્યાન ઉપર આવ્યું હતું.

આ ઉપરાત સીટી બસ રૂટ ઉપર દોડતી કર્યા પછી મુસાફરોના પ્રતિભાવો અને અન્ય વિસ્તારમાંથી વિવિધ સૂચનો મેયર મોનિકાબેન વ્યાસને મેલેલ હતા. જેને લઈ મહાનગરપાલિકાના ઇ સીટી બસ પ્રોજેક્ટ સંભાળતા અધિકારીઓ સાથે મેયર બેઠક યોજી હતી.અને જે બેઠકમાં ઈ સીટી બસ જુદા જુદા રૂટ ઉપર દોડે છે. ત્યાં કેવો પ્રતિસાદ છે કેટલા મુસાફરો લાભ લે છે તે અંગે પણ સમીક્ષા મેયર દ્વારા કરવામાં આવી હતી. આ બેઠકમાં મેયર મોનિકાબેન વ્યાસે અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે ઇ સીટી બસ જે રૂટ ઉપરથી પસાર થાય છે.



# જામનગર નેવલ એનસીસીના કેડેટ્સને ગોલ્ડ મેડલ





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

મહારાષ્ટ્રના લોનાવાલા ખાતે આવેલી આઈએનએસ શિવાજીમાં વાર્ષિક ઓલ ઇન્ડિયા નૌસૈનિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ૩૦ જૂનથી ૧૨ જુલાઈ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કેમ્પમાં ગુજરાત, દમણ-દીવ અને દાદરા નગર હવેલી ડાયરેક્ટરેટના કુલ ૩૬ નેવલ કેડેટ્સે (૨૪ યુવાનો અને ૧૨ યુવતીઓ) ભાગ લીધો હતો. આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જોડાતા પહેલાં આ કેડેટ્સે જામનગર, ગાંધીધામ અને INS વાલસુરા ખાતે આયોજિત વિવિધ પ્રી-કેમ્પમાં કપરી તાલીમ મેળવી હતી. આ કેમ્પમાં દેશભરના ૧૭ ડાયરેક્ટરેટ્સ વચ્ચે યોજાયેલી ડ્રિલ, બોટ પુલિંગ, ફાયરિંગ અને સીમેનશિપ જેવી વિવિધ કઠિન સ્પર્ધાઓમાં ગુજરાત ડાયરેક્ટરેટે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કુલ ૨૪ મેડલ્સ (૧૭ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૪ બ્રોન્ઝ) પોતાના નામે કર્યા હતા. જેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટરે એકલું જોરદાર પ્રદર્શન કરીને ૧૦ મેડલ મેળવ્યા હતા. વિશેષ સિદ્ધિ તરીકે ભાવનગરના કેડેટ રાજવીરસિંહ સોઢાને 'કેડેટ કેપ્ટન ઓફ ધ કેમ્પ' તરીકે અને અમદાવાદની કેડેટ ફેમિના કોન્ટ્રાક્ટરને સીમેનશિપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયો હતો. આ અદભુત સફળતા અને અથાક પરિશ્રમ બદલ જામનગર એનસીસી ગ્રુપના ગ્રુપ કમાન્ડર પી. શશિ દ્વારા તમામ વિજેતા કેડેટ્સને હેડ ક્વાર્ટર ખાતે આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ તમામ કેડેટ્સને વિશિષ્ટ તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડનાર વિવિધ યુનિટ્સના કમાન્ડિંગ ઓફિસર્સ- કમાન્ડર સ્નેહા રાય, કમાન્ડર દિવ્યાંશુ જોશી, લેફ્ટનન્ટ કમાન્ડર એન. કરિશ્મા, કમાન્ડર સિદ્ધાર્થ રાવત, લેફ્ટનન્ટ કમાન્ડર ભૂમિત ગઢવી તેમજ સમગ્ર એએનઓ અને પીઆઇ સ્ટાફની સરાહનીય મહેનતની પ્રશંસા કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જામનગરમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

સ્વચ્છતા પખવાડિયા-૨૦૨૬ના ઉપક્રમે રાષ્ટ્રીય સાંખ્યિકી કચેરી, ઉપ-પ્રાદેશિક કચેરી, જામનગર દ્વારા એસ.વી.ઈ.ટી. કોલેજ, જામનગર ખાતે વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન સહાયક નિયામક શ્રી શોભ રાજની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને અધિકૃત આંકડાશાસ્ત્રના મહત્વ, વૈજ્ઞાનિક પદ્ધતિથી આંકડાઓના સંગ્રહ તેમજ દેશના વિકાસ અને નીતિ નિર્માણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્વચ્છતા પખવાડિયાના હેતુઓ, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને વૃક્ષારોપણના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રકૃતિના સંરક્ષણ માટે જવાબદારીપૂર્વકની ભૂમિકા નિભાવવા તેમજ સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત એસ.વી.ઈ.ટી. કોલેજ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ રોપાયેલા વૃક્ષોની જાળવણી અને નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ લીધો હતો. ઉપરાંત, રાષ્ટ્રીય સાંખ્યિકી

અનુ પાના નં.૨ પર

# ગંદુ પાણી શુધ્ધ કર્યા વગર દરિયામાં ઠાલવવા અંગે મેડનપાને નોટીસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા રોજનું લાખો લીટર ગંદુ પાણી શુદ્ધ કરવાના દાવાઓ વચ્ચે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)ની સરપ્રાઈઝ વિઝિટે તંત્રની પોલ ખોલી નાખી છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા પ્લાન્ટ છતાં, કોઈ જ પ્રોસેસ કર્યા વિના ઝેરી અને ગંદુ પાણી સીધું દરિયામાં વહાવી દઈ પર્યાવરણનો સોથ વાળવામાં આવી રહ્યો છે.

જીપીસીબી દ્વારા આ ગંભીર લાપરવાહી બદલ કોર્પોરેશનને કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો હતો. જોકે, જવાબમાં કોર્પોરેશને લૂલો બચાવ કરતા જણાવ્યું કે, પ્લાન્ટમાં મેન્ટેનન્સનું કામ ચાલતું હોવાથી થોડો સમય પાણી પ્રોસેસ વગર વહી ગયું હતું.આ બેજવાબદાર જવાબથી સાબિત થાય છે કે પર્યાવરણ અને કાયદાની તંત્રને કોઈ પડી નથી.મહાપાલિકા દ્વારા આવી ગંભીર બેદરકારી રાખવામાં આવતી હોય તે કોઈ રીતે ગળે ઉતરે તેમ નથી. આ પ્લાન્ટની ક્ષમતા અને કામ કરવાની આવડત પર સવાલ ઉભા થયા છે. ત્યારે આ બાબતે તટસ્થ તપાસ જરૂરી બની છે. ગાંધીનગર પાછળ નવાગામ ઘેડ ખાતે આવેલો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ આશરે રૂ. ૯૦ કરોડના ભારેખમ ખર્ચે તૈયાર કરાયો છે. આટલો મોટો પ્રોજેક્ટ મ હોવા છતાં તેનું સંચાલન કરતી ખાનગી કંપની 'એન્ડલોન' અત્યંત ની નિષ્કાળજીપૂર્વક કામ કરી રહી છે. કોન્ટ્રાક્ટર કંપનીની બેદરકારી અને કોર્પોરેશનના નબળા સુપરવિઝનને કારણે જનતાના પરસેવાના કરોડો રૂપિયા પાણીમાં વહી રહ્યા છે.

## જામનગર શહેરમાં મંડપ સર્વિસના ગોદામમાંથી મેનેજરે સામાન વેચી માર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણજીત સાગર રોડ પર આવેલા નાનકપુરી વિસ્તારમાં રહેતા અને મંડપ સર્વિસના વ્યવસાય સાથે જોડાયેલા સાગરભાઇ મોહનભાઇ શર્માએ ચોરી મામલે આરોપી મહેશ જીવતભાઇ રાજાણી (રહે.સાધના કોલોની) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર મંડપ સર્વિસમાં કામ કરતા મેનેજર મહેશએ પોતાના મિત્રને રૂપિયા ચૂકવવાના હોવાથી મંડપ સર્વિસના ટેબલ સહિતનો સામાન આપી દીધો હોવાની ફરિયાદીને જાણ થતા શંકાના આધારે ગોડાઉનમાં તપાસ કરતા ગોડાઉનમાંથી રૂ.૫૦ હજારની કિંમતના ૩૫ ટેબલ, રૂ.૨૫ હજારની લોખંડની એન્ટ્રી ફ્રેમ, રૂ.૧૦ હજારની કિંમતના ૬ લાઇટના સ્ટેડ, રૂ.૧૫ હજારના ૪ ઝૂમર, ૪૦ હજારનો વરરાજાનો સોફો, સાઇડનું સફેદ કલરનુ કાપડ, લાકડાના ૩ નંગ સોફાસેટ સહિત મંડપ સર્વિસને લગતો અન્ય સામાન મળી કુલ રૂ.૧.૮૫ લાખનો મુદ્દામાલ ગાયબ હતો. જે સામાન ચોરી કરી મેનેજરે બારોબાર વેંચી મારતા ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં અષાઢી બીજ પણ કોરી વરસાદના અભાવથી લોકો ચિંતામાં

**સમય સંદેશઃ જામનગર**

હાલારી નવા વર્ષ અને અષાઢી બીજના પાવન પર્વે મેઘરાજાના ધમાકેદાર આગમનની સૌ કોઈ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, પરંતુ ગુરુવારે જામનગર શહેરમાં માત્ર કેટલાક વિસ્તારોમાં સામાન્ય છાંટા પડ્યા હતા. શહેરના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો નહોતો, જેના કારણે અષાઢી બીજનો તહેવાર પણ કોરો જ રહ્યો હોય તેવી લાગણી નગરજનોમાં જોવા મળી હતી.

જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછું રહ્યું હતું. લાલપુર તાલુકામાં આશરે ૮ મી.મી., ધ્રોલમાં ૪ મી.મી. અને કાલાવડમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે જામનગર, જોડિયા અને જામજોધપુર તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો. આકાશમાં વાદળછાયું વાતાવરણ હોવા છતાં સારો વરસાદ વરસ્યો ન હોવાથી ખેડૂતોમાં ચિંતા વધી રહી છે. વાવણી બાદ વરસાદ ખેંચાતા પાક માટે જરૂરી ભેજનો અભાવ સર્જાઈ રહ્યો છે. બીજી તરફ શહેરના નાગરિકો પણ બફારા અને ઉકળાટથી પરેશાન બન્યા છે અને હવે સૌની નજર આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને વરસે તેની પર ટકેલી છે. હવામાન વિભાગના આજના આંકડા મુજબ શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સેલ્સિયસ, લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી સેલ્સિયસ, હવામાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૧૩.૪ કિલોમીટર નોંધાઈ હતી. ઊંચા ભેજના પ્રમાણને કારણે વરસાદી માહોલ સર્જાયો હોવા છતાં નોંધપાત્ર વરસાદ ન પડતાં લોકો હજુ પણ મેઘરાજાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ગોકુલનગર જકાતનાકા-સાંઢિયા પુલ ડીપી રોડનું કમિશનર દ્વારા નિરીક્ષણ



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેન કેડિયા એ સીટી ઈજનેર, એસ્ટેટ અધિકારી, ટીપીડીપી વિભાગ અધિકારી સહિતના ઉચ્ચ સાથે ગોકુલનગર જકાત નાકાથી સાંઢીયા પુલ સુધી રોડ ઉપર ડી પી કપાતની કામગીરી અંગે કમિશનર દીપેન કેડિયાએ જાત નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ અધિકારીઓ પાસેથી આ રોડની ડી પી કપાતની કામગીરી અંગે માહિતી મેળવ્યા પછી કમિશનરે વિવિધ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળે છે. આવનારા સમયમાં ફરી ગોકુલનગર જકાત થી સાંઢ યા પુલ રોડ ફોરવલન કરવા માટે ડી પી કપાતની કામગીરી શરૂ થશે.જેને લઈ સ્થાનિકો અને અસરગ્રસ્તોમાં દોડધામ મચી જવા પામી હતી.

## જામનગરના નવાનગર હાઈસ્કૂલ સામે વીજ ટ્રાન્સફોર્મરમાં આગ

**સમય સંદેશઃ જામનગર**



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરમાં સુપરમાર્કેટ સામે નવાનગર હાઈસ્કૂલ સામે આવેલ પીજીવીસીએલના ટ્રાન્સફોર્મરમાં ગઇ રાત્રે એકાએક આગ લાગી હતી. જેને લીધે અફડાતફડી મચી જવા પામી હતી. આગ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતા ફેરની ટીમ દોડી આવી હતી.આગ ઉપર કાબુ મેળવ્યો હતો. વીજ ટ્રાન્સફોર્મરમાં આગ લાગતા જ સુપર માર્કેટ, જયશ્રી સિનેમા રોડ સહિતના વિસ્તારમાં વીજ પૂરવઠો અડધો થી પોણો કલાક સુધી ખોરવાઈ ગયો હતો. વીજ ટ્રાન્સફોર્મર આગ લાગવા બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે.

## હત્યાના ગુનામાં જેલમાંથી પેરોલ પર ફરાર પાકા કામના કેદીને ગોકુલનગરથી દબોચી લેવાયો



**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી સંદીપ સિંહ અને જામનગર જિલ્લા પોલીસ વડા શ્રી ડો. રવિ મોહન સૈની દ્વારા જેલમાંથી નાસતા ફરતા કેદીઓને ઝડપી પાડવા માટે આપવામાં આવેલી કડક સૂચના અન્વયે જામનગર પોલીસને મોટી સફળતા મળી છે. એલ.સી.બી. પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પેરોલ ફ્લો સ્ક્વોડના ઇન્ચાર્જ પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી એમ.વી. ભાટીયા તથા તેમની ટીમ જેલમાંથી વચગાળાના જામીન પર મુક્ત થયા બાદ ફરાર થયેલા આરોપીઓની શોધખોળમાં હતી. આ દરમિયાન સ્ટાફના ગજેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ ડાંગર, કરણસિંહ જાડેજા, લખધીરસિંહ જાડેજા અને દિલીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે સિક્કા પોલીસ સ્ટેશનના આઇ.પી.સી. કલમ ૩૦૨ (હત્યા) અને ૩૦૭ જેવા ગંભીર ગુનાના પાકા કામના કેદી દેવાંગ ઉર્ફે કાનો રામભાઇ ચાવડા (ઉંમર વર્ષ ૩૫, રહે. જેકુરબેન સોની કન્યા વિદ્યાલય પાસે, જનતા ફાટક, જામનગર) ને જામનગરના ગોકુલનગર જકાતનાકા પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે. આ આરોપી જામનગર જીલ્લા જેલમાંથી વચગાળાના જામીન મેળવ્યા બાદ ફરાર થઈ ગયો હતો, જેને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરીને ફરી જેલહવાલે સોંપી દેવામાં આવ્યો છે.

